**-: આંક-૧ લગત હુકમ :-**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજીની સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજદારના વિ.વ.શ્રીએ મુદ્દામાલ અરજી સંદર્ભે દલીલ કરેલ છે કે, આ કામના અરજદારના એકસીસ બેંકના ખાતા નં. ૯૨૨૦૧૦૦૫૭ ૭૨૭૩૧૪ ના વીઝા પ્લેટીનીયમના ક્રેડીટ કાર્ડ નં. ૪૫૧૪૫૬૧૨૦૦૧ ૭૫૮૦૨ માંથી કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- ઉપડી ગયેલ હતા. જેની ફરીયાદ અરજદાર દ્વારા તા. ૦૪/૦૭/૨૦૨૪ ના રોજ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને નોંધાવેલ હતી. જેથી અરજદારને ગોંડલ સીટી પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યારબાદ સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા સામાવાળાના (૧) CSC E GOVERNANCE SERVICES INDIA LIMITED ના ID 6215317 50014 માં કુલ રૂા. ૧,૮૭,૦૯૫/-, બી.એન.એસ.એસ.ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. આથી આપ સાહેબને જણાવવાનું કે અમોને ખુબજ આર્થીક નુકશાન થયેલ છે. જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) વધુમાં આ કોર્ટ દ્વારા લેખીત અભિપ્રાય તથા જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ. ત્યારબાદ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના જા.નં. ૧૫૬૦/૨૦૨૬, તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ મુદ્દામાલ અભિપ્રાય પોલીસ દ્વારા મોકલવામા આવેલ. જે અભિપ્રાય મુજબ આ સાયબર અરજી એકનોલોજમેન્ટ નં. ૩૧૧૦૭૨૪૦૧૦૧૧૫૫ વાળી અત્રેના પો.સ્ટે. મળતા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન સાયબર અરજી થયેલ અને અરજદાર **ઈમરાન કાદરભાઈ રાઠોડ, રહે. ભગવતપરા શેરી નં. ૧૯/૨ ના ખુણે, તા. ગોંડલ, જી. રાજકોટ** વાળાઓ સાથે તા. ૦૪/૦૭/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમનો બનાવ બનેલ હતો જેમાં અરજદારના એકસીસ બેંકના ખાતા નં. ૯૨૨૦૧૦ ૦૫૭૭૨૭૩૧૪ ના વીઝા પ્લેટીનીયમના ક્રેડીટ કાર્ડ નં. ૪૫૧૪૫૬૧૨૦૦૧ ૭૫૮૦૨ માંથી કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- ઉપડી ગયેલ હતા. જેની ફરીયાદ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને નોંધાવેલ હતી. જે અરજદારની ફરીયાદ

આધારે સાયબર ક્રાઇમ સેલ સી.આઇ.ડી. ક્રાઇમ, ગાંધીનગર દ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના (૧) CSC E GOVERNANCE SERVICES INDIA LIMITED ના ID 6215 31750014 માં કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- બી.એન.એસ.એસ.ની કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે નાણા પાછા મેળવવા માટે અરજદારે આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારુ અમારો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે જણાવાનું કે અરજદારશ્રી નાઓ સામાવાળાના (૧) CSC E GOVERNANCE SERVICES INDIA LIMITED ના ID 6215 31750014 માં કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- ફ્રિઝ થયેલ છે. સદરહું ખાતુ સીઝ કર્યા બાદ શંકાસ્પદ બેંક ખાતાધારકોને અત્રેના પો.સ્ટે.થી તેમની બેંક તરફથી અપાયેલ સરનામા પર રજીસ્ટર એડી. કરી અને સદરહું નોટીસ મળ્યેથી સાત દિવસમાં અત્રેના પો.સ્ટે. ખાતે હાજર રહેવા સમજ કરેલ હોય પરંતુ આજ દિન સુધી સદરહું એકાઉન્ટ હોલ્ડર અત્રેના પો.સ્ટે. આવેલ ન હોય જેથી અરજદારે કોર્ટમાં બેંક ફ્રિઝ થયેલ રકમ રીફંડ કરવા માટે બી.એન.એસ.એસ.કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી કરેલ હોય જેમાં પોલીસ દ્વારા હોલ્ડ થયેલ રકમ બાબતે યોગ્ય હુકમ કરવા અભિપ્રાય આપેલ છે.

(૪) સમગ્ર રેકર્ડની ચકાસણી કરતા આ કામના અરજદારના ખાતામાંથી તા. ૦૪/૦૭/૨૦૨૪ ના રોજ આ કામના અરજદારના એકસીસ બેંકના ખાતા નં. ૯૨૨૦૧૦૦૫૭ ૭૨૭૩૧૪ ના વીઝા પ્લેટીનીયમના ક્રેડીટ કાર્ડ નં. ૪૫૧૪૫૬૧૨૦૦૧ ૭૫૮૦૨ માંથી કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- સામાવાળાના (૧) CSC E GOVERNANCE SERVICES INDIA LIMITED ના ID 621531750014 માં કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- ફ્રીઝ થયેલ હોય અને તે ફ્રિઝ બાબતે ગોંડલ સીટી પો.સ્ટે. નાઓએ સામાવાળા (૧) CSC E GOVERNANCE SERVICES INDIA LIMITED ના ID 621531750014 માં કુલ રૂા. ૧,૮૭,૦૯૫/- ના બેસ્ટ કલેમેટ હોય જેથી આ રકમ અરજદાર **ઇમરાન કાદરભાઈ રાઠોડ** નાઓને આપવા ઉચીત જણાય આવે છે.

ત્રીજા એડી.ચીફ જયુડી. મેજી.,ગોંડલ.

(૫) ઉપરોકત હકિકત તથા કેસનું રેકર્ડ તેમજ આ કામના અજરદાર નાઓ દ્વારા આ અરજી સાથે રજુ કરેલ નામ. સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઇના ચુકાદાને માનસહ વંચાણે લેતા અરજદાર જ બેસ્ટ કલેમેન્ટ હોય જેથી તેઓને ફ્રિઝ રકમ આપવા ઉચીત જણાય આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

-// હુ ક મ //-

અરજદાર **ઇમરાન કાદરભાઈ રાઠોડ, રહે. ભગવતપરા શેરી નં. ૧૯/૨ ના ખુણે, તા. ગોંડલ, જી. રાજકોટ વાળા નાઓને મુદ્દામાલ ફ્રિઝ કરેલ રકમ રૂા. ૧,૮૭,૦૯૫/-** સામાવાળાના (૧) CSC E GOVERNANCE SERVICES INDIA LIMITED ના ID 621531750014 માંથી અરજદારના યુકો બેંકના ખાતા નં. ૦૦૭૨૦૧૦૦૦૦૯૭૮૯ માં પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદારે મુદ્દામાલ નામદાર કોર્ટ અગર પોલીસ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનું રહેશે.

(૨) આ હુકમની એક નકલ અમલવારી માટે સબંધિત પોલીસ સ્ટેશને મોકલવી.

આ હુકમ આજ રોજ તારીખ ૦૮ મી, માંહે.- મે, સને-૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૫/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

**(મેહુલ દેવદાસભાઈ પરમાર)**
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ.
(GJ01036)